ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# ગતિવિધિ

## આંગણવાડીના બાળકો માટે મોટો નિર્ણય, ભોજન ખર્ચમાં ૬૭ ટકાનો વધારો



વડોદરા : રાજ્યની તમામ આંગણવાડીઓમાં ભણતા લાખો બાળકોના પોષણ માટે ગુજરાત સરકારે આજે મહત્વનો નિર્ણય લીધો છે. આંગણવાડીના બાળકોને આપવામાં આવતા ગરમ નાસ્તા અને ભોજનના ખર્ચમાં 67 ટકાનો વધારો કરાયો છે. અત્યાર સુધી આંગણવાડીમાં એક બાળકના એક ટાઈમના ગરમ ભોજન પાછળ સરકાર તરફથી માત્ર રૂ. 5.10 ચૂકવવામાં આવતા હતા. જે રકમમાં પૌષ્ટિક ભોજન આપવું મુશ્કેલ બનતું હતું.

## વડોદરામાં દશેરા પર્વની ઉજવણીનો ધમધમાટ શરૂ



વડોદરા : વડોદરામાં દશેરા પર્વની ઉજવણીને લઈને ઉત્સાહનો માહોલ છવાયો છે. વડોદરાના જાણીતા અને ઐતિહાસિક પોલો મેદાન ખાતે દશેરા મહોત્સવ અને રાવણ દહનની ભવ્ય તૈયારીઓનો આરંભ થઈ ચૂક્યો છે. વર્ષ ૧૯૮૧થી અવિરતપણે આ સાંસ્કૃતિક પરંપરા જાળવી રાખનાર અગ્રણી સંસ્થા 'ઉત્તર ભારત સાંસ્કૃતિક સંઘ' દ્વારા આયોજનના શુભારંભ અર્થે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આગામી ૨૦ ઓક્ટોબરના રોજ પોલો મેદાન ખાતે સાંજે ૫:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી ભવ્ય રામલીલાનું આયોજન કરવામાં આવશે.

## ખેલ મહાકુંભ કરાટેમાં ભાઈ ઉવેઝે જીત્યો ગોલ્ડ તો બહેન શાગુફ્તાએ મેળવ્યો સિલ્વર મેડલ



વડોદરા : સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૧૦૦થી વધુ ખેલાડીઓ વચ્ચે યોજાયો જબરજસ્ત જંગ, સૈયદ પરિવારમાં છવાયો ખુશીનો માહોલ અબ્બાસ સૈયદના માર્ગદર્શન હેઠળ તાલીમ પામેલા યુવા ખેલાડીઓએ રાજ્યકક્ષા માટે કટિબદ્ધતા બતાવી ગુજરાત સરકાર દ્વારા આયોજિત રાજ્યની સૌથી મોટી ખેલ મહાકુંભ ૨૦૨૬ સ્પર્ધા અંતર્ગત વડોદરાના સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે છેલ્લા ત્રણ દિવસથી અત્યંત રોમાંચક કરાટે સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.

## ૮મા પગારપંચને લઈને શિક્ષકોની એરિયર્સ ૧ જાન્યુઆરી ૨૦૨૬થી ચૂકવવા રજૂઆત

વડોદરા : કેન્દ્ર સરકાર દ્વારા 8મા કેન્દ્રીય પગારપંચને મંજૂરી આપ્યા બાદ હવે ગુજરાતમાં પણ કર્મચારીઓ અને શિક્ષકોમાં આશા જાગી છે. આ વચ્ચે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા મુખ્યમંત્રીને એક રજૂઆત કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી જૈમિનકુમાર એન. પટેલ અને પ્રમુખ દિગ્વિજયસિંહ ડી. જાડેજા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

સંઘે પોતાના પત્રમાં જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા 8મા કેન્દ્રીય પગારપંચની કેટલીક શરતોને આધારે મંજૂરી આપી જણાવ્યું છે કે 8મું પગારપંચ જ્યારે પણ આપવામાં આવે અથવા તેની અમલવારી થાય પરંતુ તેના કર્મચારીઓને તા.1 જાન્યુઆરી 2026 થી તેનું એરિયર્સ ચૂકવવામાં આવશે તેવી બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે. તેના આધારે સંઘની વિનંતી સહ રજૂઆત છે કે, કેન્દ્ર સરકારની જેમ ગુજરાત સરકાર દ્વારા પણ 8મા પગારપંચની જ્યારે અમલવારી થાય ત્યારે પરંતુ તેનું એરિયર્સ તા. 1 જાન્યુઆરીથી ચૂકવવામાં આવશે તેવી ગુજરાત સરકાર દ્વારા પણ જાહેરાત કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

### પોલીસ કડક કાર્યવાહી કરશે કે કેમ લોકોમાં સવાલો ઉઠવા પામ્યા

# રઈસીનો રૂઆબ, રસ્તા વચ્ચે લક્ઝુરિયસ કાર રોકી નબીરાઓની મારામારી!



(પ્રતિનિધિ )વડોદરા,તા.14

વડોદરા શહેરમાં નબીરાઓની રઈસી અને દાદાગીરી અટકવાનું નામ નથી લઈ રહી. અટલાદરા વિસ્તારમાં જાહેર રસ્તા પર મોંઘીદાટ ગાડી રોકી યુવકો વચ્ચે મારામારીની ઘટના સામે આવી છે, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં ધડાધડ વાયરલ થઈ રહ્યો છે.

વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે નબીરાઓએ રસ્તા વચ્ચે જ પોતાની લક્ઝુરિયસ કાર રોકી દીધી હતી, જેના કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો.

ત્યારબાદ રસ્તા વચ્ચે જ બે જૂથ વચ્ચે ઉગ્ર મારામારી શરૂ થઈ ગઈ. નબીરાઓએ જાહેર માર્ગને જાણે પોતાની અંગત જાગીર સમજીને બાનમાં લઈ લીધો હતો. મારામારી એટલી હદે વધી ગઈ કે એક યુવકને જોરથી ધક્કો મારતા તે રોડ સાઈડના ખાડામાં પટકાયો હતો. આ દ્રશ્યો જોઈ આસપાસના લોકો પણ હચમચી ઉઠ્યા હતા. જાહેર રસ્તા પર આ પ્રકારે મારામારી કરી લોકો માટે ભારે મુશ્કેલી ઉભી કરનારા આ નબીરાઓ સામે વડોદરા પોલીસ કડક કાર્યવાહી કરશે કે કેમ લોકોમાં સવાલો ઉઠવા પામ્યા છે.

## શેલ્ઝ ઈન્ડિયાનો ૫૯.૯૭ કરોડનો આઈપીઓ ૧૫ ઓક્ટોબરે ખુલશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

શેલ્ઝ ઈન્ડિયા લિમિટેડનું પ્રારંભિક જાહેર ભરણું (આઈપીઓ) 15થી 19 ઓક્ટોબર, 2026 દરમિયાન ખુલ્લો રહેશે. કંપની બીએસઈના એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ માટે 59.97 કરોડ એકત્ર કરશે. શેરની પ્રાઈસ બેન્ડ 170થી 179 નક્કી કરાઈ છે. લોટ સાઈઝ 1,600 શેરની રહેશે. એન્કર રોકાણકારો માટે બિડિંગ 14 ઓક્ટોબરે યોજાશે. કંપની 'હગ્સ' અને 'ટોસ્કા' બ્રાન્ડ હેઠળ કન્ફેક્શનરી ઉત્પાદનો બનાવે છે. તેના પોર્ટફોલિયોમાં 300થી વધુ એસકેયુનો સમાવેશ થાય છે.

આઈપીઓમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ દેવાની ચુકવણી, કાર્યકારી મૂડીની જરૂરિયાતો, સામાન્ય કોર્પોરેટ હેતુઓ અને ઈશ્યૂ ખર્ચ માટે કરવામાં આવશે. કંપની સોનીપત ખાતે ઉત્પાદન ક્ષમતા વાર્ષિક આશરે 17,100 મેટ્રિક ટનથી વધારીને 34,500 મેટ્રિક ટન કરવાની યોજના ધરાવે છે. નાણાકીય વર્ષ 2026માં કંપનીએ 192.62 કરોડની આવક, 30.15 કરોડનું EBITDA અને 13.37 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

### દુકાનો બહાર કરાયેલા દબાણો હટાવાયા

# મંગળ બજારમાં ફરી દબાણ શાખાની ત્રાટકી તહેવારો ટાણે જ વેપારીઓને કનડગત



(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરમાં દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે ખરીદીના માહોલ વચ્ચે વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખા એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરના સૌથી વ્યસ્ત અને લોકપ્રિય ખરીદીના કેન્દ્ર ગણાતા મંગળ બજાર વિસ્તારમાં આજે દબાણ શાખાની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે અચાનક ત્રાટકી હતી. મુખ્ય માર્ગ પર પાથરણાં અને દુકાનોની બહાર કરાયેલા ગેરકાયદે દબાણો હટાવવાની આ આકસ્મિક કાર્યવાહીને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. દિવાળીના તહેવારને લઈને મંગળ બજારમાં ખરીદી કરવા માટે હજારોની સંખ્યામાં નાગરિકોની ભીડ ઉમટી હતી. બરાબર તહેવારના ટાંકણે જ પાલિકાની ટીમ લાકડીઓ અને સાધનો સાથે પહોંચતા ખરીદી કરવા આવેલા લોકોમાં પણ થોડીવાર માટે અફરાતફરી અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. વેપારીઓ દ્વારા પોતાની દુકાનોની બહાર માલસામાન મૂકીને કરાયેલા કાયમી અને અસ્થાયી દબાણોને કારણે રાહદારીઓ અને વાહનચાલકો માટે રસ્તા પરથી પસાર થવું મુશ્કેલ બન્યું હતું. અનેક નાગરિકોની ફરિયાદોને ધ્યાનમાં રાખીને પાલિકા દ્વારા આ સઘન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. દબાણ શાખાની ગાડીઓ અને સ્ટાફને જોઈને વેપારીઓમાં નાસભાગ મચી ગઈ હતી.

### વડોદરા પાલિકામાં બાબુઓની 'કુંભકર્ણ નિન્દ્રા'

# ડ્રેનેજ અને લીગલ શાખાના કર્મચારીઓ ચાલુ ફરજે ઊંઘતા ઝડપાયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા મહાનગરપાલિકામાં તંત્રની ભારે બેદરકારી અને આળસનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેનાથી પાલિકાના વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે સરકારી કર્મચારીઓ ચાલુ ફરજ દરમિયાન પોતાની ખુરશીઓ પર જ ગોર નિન્દ્રામાં પોઢેલા નજરે પડ્યા છે. મળતી માહિતી અનુસાર, પાલિકાની ડ્રેનેજ શાખા અને લીગલ શાખા સહિત વિવિધ મહત્વપૂર્ણ વિભાગોમાં કર્મચારીઓ નિરાંતે આરામ ફરમાવતા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. એક બાજુ નવરાત્રી પર્વ દરમિયાન વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ રાત્રિના સમયે શહેરના અગ્રણી ગરબા ગ્રાઉન્ડ્સ પર પહોંચી ગરબા મહોત્સવની મુલાકાત લેતા અને ખેલૈયાઓ નો ઉત્સાહ વધારતા હતા, ત્યારે બીજી જ બાજુ પાલિકાની મુખ્ય કચેરી નાના-મોટા કામકાજ અર્થે આવતા સામાન્ય ના ગરિકો અને અરજદારો કચેરીની બહાર કલાકો સુધી લાઈનોમાં ઉભા રહેવા મજબૂર બને છે. ઉજાગરાનું બહાનું ધરીને ચાલુ સીટીંગે ઊંઘ ખેંચતા હોવાનો ગંભીર આક્ષેપ થઈ રહ્યો છે. નગરજનોના પ્રાથમિક અને બુનિયાદી પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવાની જવાબદારી જે કર્મચારીઓના શિરે છે, તેઓ જ જો આ રીતે ફરજ પ્રત્યે ઘોર બેદરકાર બનીને કચેરીઓમાં સોફા અને ખુરશીઓ પર આરામ ફરમાવશે તો સ્માર્ટ સિટી વડોદરાનો વિકાસ કેવી રીતે આગળ વધશે તેવો વેધક સવાલ ઉભો થયો છે.

### અમેરિકાના વર્ક પરમિટ અપાવવાની લાલચ આપી લોકો પાસેથી પડાવ્યા બાદ પરત આપતો ન હતો

# વર્ક પરમીટ વિઝાના નામે રૂ. ૫૦ લાખથી વધુની રકમ પડાવી ઠગાઈ આચરનાર ભેજાબાજ ઝડપાયો

આરોપી સામે અગાઉ પણ ગોરવા સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં છેતરપિંડીના ગુનાઓ નોંધાયેલા છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.13 વડોદરા શહેરમાં અમેરિકાના વર્ક પરમિટ અપાવવાના બહાને લોકો સાથે છેતરપિંડી કરવાના કેસમાં ગોરવા પોલીસે બે મહિનાથી નાસતા આરોપી હેમલ ઉર્ફે રૂદ્ર ઉર્ફે ભયલુ પટેલને ઝડપી પાડ્યો છે. આરોપીએ ફરિયાદી સહિત અન્ય નવ સાહેદો પાસેથી રૂ.50.39 લાખ મેળવ્યા હોવાની તપાસમાં વિગતો સામે આવી છે. આરોપી સામે અગાઉ પણ ગોરવા સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં છેતરપિંડીના ગુનાઓ નોંધાયેલા છે. અમેરિકામાં વર્ક પરમિટ અપાવવાના બહાને નાણાં પડાવી વિશ્વાસઘાત કરવાના ગુનામાં ગોરવા પોલીસે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ડિસેમ્બર 2025થી આરોપી હેમલ ઉર્ફે રૂદ્ર ઉર્ફે ભયલુ નરેન્દ્ર પટેલે ફરિયાદીનો વિશ્વાસ કેળવી અમેરિકાનું વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી હતી. આ બહાને તેણે ફરિયાદી પાસેથી ટુકડે-ટુકડે રૂ. 5.77 લાખ મેળવ્યા હતા. જોકે, આરોપીએ વર્ક પરમિટ અપાવ્યું નહોતું.

ફરિયાદીએ પોતાના નાણાં પરત માંગતાં આરોપીએ રૂ. એક લાખ પરત આપ્યા હતા, જ્યારે બાકીના રૂ. 4.77 લાખ પરત આપ્યા ન હતા. આ મામલે ગોરવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

## નવરાત્રીને ધ્યાનમાં રાખીને ગોરવા પોલીસનુ અવાવરુ સ્થળો પર ચેકિંગ

વડોદરા : વડોદરા શહેરમાં ગુનાખોરી પર અંકુશ લાવવા ગોરવા પોલીસ એક્શનમાં આવી છે. અવાવરુ સ્થળો અસામાજિક તત્ત્વો માટે આશ્રયસ્થાન ન બને તે માટે પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરી શંકાસ્પદ ગતિવિધિઓ પર બાજ નજર રાખવામાં આવી રહી છે. વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા ગોરવા પોલીસ એક્શનમાં આવી છે. વિસ્તારમાં આવેલા અવાવરુ સ્થળો પર પોલીસ દ્વારા સઘન અને સતર્ક પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. અસામાજિક તત્ત્વોની ગતિવિધિઓ પર નજર રાખવા અને ગુનાખોરીને ડામવા પોલીસ ટીમ દ્વારા ઈન્ટેન્સિવ એન્ડ વિજિલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.


વડોદરા મહાનગરપાલિકા
પાર્કસ એન્ડ ગાર્ડન શાખા
www.vmc.gov.in
જાહેર નિવિદા

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) માટે Biodiversity Survey & Studies હાથ ધરવા, જેમાં Detailed Physical Tree Census, શહેરના વિવિધ Ecosystems મુજબ Species Documentation તથા અન્ય સંબંધિત અભ્યાસોનો સમાવેશ થાય છે, તે માટે Agencyની પસંદગી અંગે Request for Proposal (RFP) તા. ૦૭-૧૧-૨૦૨૬ સુધીમાં RFP મંગાવવા આમંત્રિત કરવામાં આવે છે.

પી.આર.ઓ. નં. ૪૯૧ /૨૦૨૬-૨૭ ડાયરેક્ટર (પાર્કસ એન્ડ ગાર્ડન)


## યોગા સર્કલ પાસે ટ્રાફિકજામથી વાહનચાલકો ત્રાહિમામ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪

વડોદરા શહેરના વ્યસ્ત ગણાતા યોગા સર્કલ નજીક આજે ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. સર્કલની ચારેય બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી જતાં સમગ્ર વિસ્તાર થંભી ગયો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. લાંબા સમય સુધી સર્જાયેલી આ ચક્કાજામની સ્થિતિને કારણે માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો તેમજ આસપાસના સ્થાનિક રહીશો અને વેપારીઓ ભારે હેરાન-પરેશાન થઈ ગયા હતા. દૈનિક ધોરણે અત્યંત ધમધમતા આ વિસ્તારમાં ટ્રાફિકની આવી ગંભીર સમસ્યા સર્જાઈ હોવા છતાં, પ્રાથમિક તબક્કે સ્થળ પર એક પણ ટ્રાફિક જવાન હાજર ન હોવાનું સામે આવ્યું હતું. કોઈ પણ જવાબદાર કર્મચારી સ્થળ પર ન જણાતાં ટ્રાફિક વ્યવસ્થા સાવ અસ્તવ્યસ્ત બની ગઈ હતી. વાહનચાલકો પોતપોતાની રીતે આગળ નીકળવાનો પ્રયાસ કરતા હોવાથી ટ્રાફિકની સમસ્યા વધુ જટિલ બની હતી.

## ફોટા સાથે AIથી છેડછાડ કરી ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવનાર પકડાયો

અમદાવાદઃ સોશિયલ મીડિયા પર મહિલાઓના ફોટાનો દુરુપયોગ કરી તેમને બદનામ કરવાના કિસ્સાઓ વચ્ચે અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચે AI ટેક્નોલોજીનો ઉપયોગ કરીને મહિલાનો ફોટો એડિટ કરી ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી મારફતે વાયરલ કરવાના કેસમાં રાજકોટના એક આરોપીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. આરોપી દ્વારા AIની મદદથી મહિલાના ફોટાને અન્ય અજાણી વ્યક્તિ સાથે મર્જ કરીને વાંધાજનક ફોટો તૈયાર કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ફોટાનો દુરુપયોગ કરનાર વ્યક્તિની ઓળખ નિશાંતભાઈ લખલાણી તરીકે થઈ હતી.પોલીસ પૂછપરછમાં એવી હકીકત સામે આવી હતી કે, આરોપી અને ફરિયાદી મહિલા અગાઉ મિત્રો હતાં. બંને વચ્ચે વાતચીત દરમિયાન મનદુઃખ થતાં આરોપી ઉશ્કેરાયો હતો અને કથિત રીતે ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી મહિલાના ફોટા સાથે AIની મદદથી છેડછાડ કરી તેને વાયરલ કર્યો હતો. આ કૃત્ય દ્વારા મહિલાને સમાજમાં બદનામ કરવાનો અને માનસિક રીતે હેરાન કરવાનો પ્રયાસ કર્યાનો આરોપ છે.

### પરિવારજનોએ ઘરમાં તેમજ આસપાસ શોધખોળ કરી હતી

# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના નિવૃત્ત કર્મચારીના ઘરમાંથી રૂ. ૧.૭૫ લાખના દાગીનાની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલા દર્શનમ સેન્ટરપાર્કમાં નિવૃત્ત કર્મચારીના ઘરમાં બેડરૂમના કબાટમાં સાચવીને મૂકેલી રૂબી જડિત સોનાની બુટ્ટી અને ઢોલ આકારનું પેન્ડલ અચાનક ગાયબ થતાં પરિવારજનો ચોંકી ઊઠ્યા હતા. રૂ. 1.75 લાખના દાગીના ક્યાં ગયા તે રહસ્ય વચ્ચે 67 વર્ષીય નિવૃત્ત કર્મચારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઈ છે.

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં દર્શનમ સેન્ટરપાર્કમાં રહેતા દિનેશભાઈ દુર્ગાશંકર પંડ્યા (ઉ.વ. 67) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમમાંથી નિવૃત્ત થયા બાદ પત્ની વિલાસબેન, પુત્ર વરુણ અને પુત્રવધૂ સુમન સાથે જીવન ગુજરાન ચલાવે છે. તેમણે નોધાવેલી ફરિયાદ મુજબ ઘરના બેડરૂમમાં આવેલા કબાટમાં સોનાની કાનની બુટ્ટી અને પેન્ડલ મૂકવામાં આવ્યાં હતાં. જોકે, 13 ઓક્ટોબરના રોજ બપોરે આશરે બે વાગ્યે કબાટમાં તપાસ કરતાં બંને દાગીના મળી આવ્યાં નહોતાં. પરિવારજનોએ ઘરમાં તેમજ આસપાસ શોધખોળ કરી હતી, પરંતુ દાગીનાનો કોઈ પત્તો લાગ્યો નહોતો. ગાયબ થયેલા દાગીનામાં ગુલાબી રંગની રૂબી જડિત ગોળ ફૂલની ડિઝાઈનવાળી આશરે 6.6 ગ્રામ વજનની સોનાની બુટ્ટીનો સમાવેશ થાય છે.


यूको बैंक UCO BANK
(भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust
માંજલપુર શાખા : ક્ષમા હાઈટ્સ, ઈવા મોલની પાસે, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧.
ફોન : ૦૨૬૫-૩૫૦૩૮૮૮, ઈમેલ : manjal@uco.bank.in

પઝેશન નોટિસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર યુકો બેંક, માંજલપુર શાખાના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨)ની સત્તા સાથેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત તા. ૧૧.૦૮.૨૦૨૬ના રોજ શ્રીમતી હિનલ દિપકકુમાર વ્યાસ (કરજદાર), શ્રીમતી મિતેશકુમાર નવલસિંઘ બારીયા (સહ-કરજદાર) ને ડીમાન્ડ નોટીસ જારી કરીને રૂા. ૨૪,૪૨,૩૯૮.૫૭/- (રૂા. ચોવીસ લાખ બેતાલીસ હજાર ત્રણસો અઠાણું અને સત્તાવન પૈસા પુરા) (તા. ૩૦.૦૭.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૧૧.૦૮.૨૦૨૬ થી ચડત વ્યાજ અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાઓને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ની કલમ ૧૩ ની પેટા કલમ (૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે તા. ૧૪.૧૦.૨૦૨૬ ના રોજ નીચે જણાવેલ મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર યુકો બેંક, માંજલપુર શાખાની રકમ રૂા. ૨૪,૪૨,૩૯૮.૫૭/- (રૂા. ચોવીસ લાખ બેતાલીસ હજાર ત્રણસો અઠાણું અને સત્તાવન પૈસા પુરા) (તા. ૩૦.૦૭.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૧૧.૦૮.૨૦૨૬ ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે. (૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જે મિલકતનો બ્લોક/રેવન્યુ સર્વે નં. ૩૧૫, સિટી સર્વે નં. ૩૮૦૧, ગુજરાત હાઉસિંગ બોર્ડ ૧૬૨, એમ.આઈ.જી.-૧ ફ્લેટ અને ૧૮ દુકાન, પ્લોટ-બી, ફેઝ-૨, ગોરવા, વડોદરા, ફ્લેટ નં. ૧૦૧નો બાંધકામ કાર્પેટ એરીયાનો ક્ષેત્રફળ ૬૫ સ્કે.મીટર, એમ.જી.વી.સી.એલ કનેક્શન નં. ૧૫૩૦૨૦૭૫૪૦૭ અને મ્યુનિસિપલ કોર્પોરેશન સેન્સસ નં. ૧૦-૨૨-૮૮૦-૦૦૧-૦૬૯-૦૨૦ અને મિલકતનો આઈડેન્ટિફિકેશન નં. ૧૦-૦૦૦૦૧-૦૨૦, મોજે-ગામ ગોરવાની સીમમાં, સબ જિ. વડોદરા, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ-વડોદરા ખાતે આવેલ મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : ખુલ્લી જગ્યા ● પશ્ચિમે : ખુલ્લી જગ્યા અને સીડી
● ઉત્તરે : રોડ ● દક્ષિણે : પ્લોટ નં. ફ્લેટ નં. ૧૦૨

સહી/-
તારીખ : ૧૪.૧૦.૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ : વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.) યુકો બેંક



Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited for "Construction of Sports Complex and Tennis Court for Public Use at Officers Colony, Valsad under CSR 2026-27 Initiative by DGVCL". Tender is put up on www.dgvcl.com (For view & download) and http://tender.nprocure.com (For view, download and online submission).

| Sr. No. | Tender No. | Estimated Cost |
|---|---|---|
| 1 | DGVCL/Corp./Civil/CSR/Sport/2026-27/320 | Rs.90,11,071.67 (Including GST) |

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tender. ACE (P), DGVCL, Surat.



જાહેર નિવિદા - ૧૧ સને ૨૦૨૬-૨૭
માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજ્યનાં માન.રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ. લુણાવાડા, કોટેજ હોસ્પીટલની બાજુમાં, પીનકોડ - ૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં.(૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબના કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | વાઈડેનીંગ એન્ડ સ્ટ્રેન્ઘનીંગ ઓફ દેવ - પાંડવા - ઘોરીડુંગરી - નુરપુર - વિરપુર - ગંધારી રોડ કિ.મી.૨૮/૨૦૦ થીદ્દ/૬૦૦ જિ.મહીસાગર ઈન ધી સ્ટેટ ઓફ ગુજરાત (સીઆરઆઈએફ વર્ક) | રૂ. ૯૯૫૫.૭૯ |

ઉપરોક્ત કામ માટેનું ટેન્ડર વેબસાઈટhttps://rnbtender.nprocure.com પર તા.૦૨/૧૧/૨૦૨૬, ૧૬:૦૦ કલાક સુધીમાંઉપલબ્ધ રહેશે.

વધુમાં કામોની માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે. ટેન્ડર બાબત અંગેના કોઈપણ સુધારા વધારા ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

( માહિતી/ગોધરા/૫૬૦/૨૬ )



ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઓફલાઇન જાહેર નિવિદા નં. ૦૪ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ગોધરા વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ ઈંડિયન રેડક્રોસ સોસાયટીની બાજુમાં, ગોધરા સિવિલ લાઇન, ગોધરા-૩૮૯૦૦૧ ટેલીફોન નં.૦૨૬૭૨-૨૪૮૪૦૦ ની કચેરી દ્વારા વીજળીકરણના અ.નં.૧ થી ૯ ના કામ કે જેની અંદાજિત રકમ બત્રીશ હજાર થી નવાણું હજાર સુધી છે. તે માટે રજીસ્ટર્ડ થયેલ ઇ-૨ અને ઉપરના વર્ગ તથા કામના નિષ્ણાત પાસેથી સીલબંધ ટેન્ડર રજી.પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૬/૧૦/૨૦૨૬ સમય ૧૬:૦૦ કલાક સુધી આપવામાં આવશે, જ્યારે ભાવ ભરેલા સીલબંધ ટેન્ડર પરત લેવાની તા. ૨૩/૧૦/૨૦૨૬ સમય ૧૬:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આ કામોની વિગતવાર નોટીસ, નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીના રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી.

( માહિતી/ગોધરા/૫૬૨/૨૬ )



Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Pandesara Division
Opp. Batliboi Company, Surat Navsari Road,
Pandesara, Surat-395023
DGVCL Toll Free No.: 19123 (or 1800 233 3003)

Tender

Tenders (ID Nos. 353954, 353935, 353898, 353884, 353920, 232270, 232304, 232385, 232402, 352955 and 232453) are invited for the hiring of an articulated hydraulic elevating platform mounted on a vehicle for Godadara, Dindoli, Devadh, Udhana Rural, Udhana-01, Udhana-02, Udhana-03, Pandesara and Pramukh Park Industrial Sub-Divisions and for providing FRP fencing around Distribution Transformer Centres at various locations under the jurisdiction of Devadh and Godadara Sub-Divisions of Pandesara Division. Vendors may visit https://tender.nprocure.comfor view, download and online submission of tenders.

EE (O&M), Pandesara Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



[પરિશિષ્ટ - IV-A] [પ્રોવિસો ટુ રુલ 8(6) અને r/w 9(1) જુઓ]
સ્થાવર મિલકતના ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ

એડેલવાઈસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ
CIN: U67100MH2007PLC174759
રજિ. ઓફિસઃ એડેલવાઈસ હાઉસ, પહેલો માળ, ઓફ CST રોડ, કાલીના, મુંબઈ 400098.

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ના નિયમ 8(6) અને 9(1)ના પ્રોવિસો સાથે વંચાણમાં લેવાયેલ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ("નિયમો") હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.

વિવિધ વેચાણ સંસ્થાઓની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ "એસાયનર" તરીકે ઓળખવામાં આવે છે) એડેલવાઈસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કામ કરવા માટે સોંપવામાં આવી છે જે કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. ઉક્ત સોંપણીના અનુસંધાનમાં, EARCએ એસાયનરની જગ્યા લીધી છે અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો છે. તેથી, EARCએ સુરક્ષિત લેણદાર તરીકેના તેના અધિકારમાં નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોનો કબજો SARFAESI એક્ટની કલમ 13(4) અને તેના હેઠળના નિયમો અનુસાર લીધો હતો.

આથી 15/30 દિવસની નોટિસ સામાન્ય જ જાહેર જનતાને અને ખાસ કરીને ઉધારલેનાર(ઓ) અને ગેરેન્ટર(ઓ)ને આપવામાં આવે છે કે, સુરક્ષિત લેણદારની તરફેણમાં ગીરો રાખવામાં આવેલ નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે EARC ને નીચે જણાવેલ રકમ વસૂલવા માટે "જે છે જ્યાં છે", "જે છે જેવું છે", અને "જે પણ છે તે"ના આધારે વેચવામાં આવશે, જેમાં EARC દ્વારા ઉધારલેનાર(ઓ) અને ગેરેન્ટર(ઓ) પાસેથી પ્રાપ્ત થયેલી કોઈપણ રકમ પછી કાપવામાં આવનાર આગળના વ્યાજ અને અન્ય ખર્ચો/ખર્ચનો સમાવેશ થાય છે. મિલકત માટે અનામત કિંમત અને બાનાની રકમ (Earnest Money Deposit) નીચે મુજબ જણાવેલ છે.

ઈ-હરાજી માટે સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ

| લોન એકાઉન્ટ નંબર/સેલિંગ સંસ્થા | ઉધારલેનાર/સહ-ઉધારલેનાર/ ગેરેન્ટર/મોર્ગેજરનું નામ | ટ્રસ્ટનું નામ | કુલ બાકી લેણાં રૂ. માં | અનામત કિંમત રૂ. માં | બાનાની રકમ (EMD) રૂ. માં | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| AFH0009009 76357/ Yes Bank Limited | 1. જૈન વિશાલ મહાવીરભાઈ (ઉધારલેનાર) 2. જૈન કંચનદેવી મહાવીરભાઈ (સહ-ઉધારલેનાર) | EARC Trust SC 471 | Rs. 39,07,739.07 as on 13-10-2026 | Rs. 13,00,000/- | Rs. 1,30,000/- | 03-11-2026 at 11:00 AM | ભૌતિક કબજો |

મિલકતનું વર્ણનઃ રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વડોદરા, સબ-ડિસ્ટ્રિક્ટ વડોદરા ડિવિઝન - 5 (બાપોદ)ના મોજે ગામ બાપોદના રેવેન્યુ સર્વે નં. 393, 394, 395, 404/1, 404/2, કન્સોલિડેટેડ સર્વે/બ્લોક નં. 393, 36319.00 ચો.મી.ની બિનખેતીની જમીનમાંથી, 6514.55 ચો.મી. પૂર્વ તરફની ખુલ્લી જમીન પર "તુલસી હાઇટ્સ" નામના રહેણાંક ફ્લેટ્સનું આયોજન કરવામાં આવ્યું છે, જે મંજૂર લેઆઉટ પ્લાન અને બિલ્ડિંગ પ્લાનમાં દર્શાવેલ છે. ફ્લેટ નં. ટાવર ડીના ચોથા માળે સ્થિત છે, સદર તુલસી હાઇટ્સના ટાવર ડીના. ડી-401, જેનું ક્ષેત્રફળ 75.97 ચો.મી. છે. અને તેની સાથે જોડાયેલ અવિભાજ્ય જમીનનું ક્ષેત્રફળ 31.80 ચો.મી. છે અને તેની સાથે જોડાયેલા કોમન પ્લોટ અને કોમન રોડનું ક્ષેત્રફળ 4.39 ચો.મી. છે. જેની હદો નીચે મુજબ છેઃ પૂર્વમાંઃ ફ્લેટ નંબર ડી-404. પશ્ચિમમાંઃ ખુલ્લો પ્લોટ. ઉત્તરમાંઃ ફ્લેટ નંબર ડી-402. દક્ષિણમાંઃ ટાવર સી આવેલ છે., વડોદરા, ગુજરાત - 390019

હરાજી પ્રક્રિયા અંગેની મહત્વપૂર્ણ માહિતી

| | | |
|---|---|---|
| 1. | EMD ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT" ની તરફેણમાં મુંબઈ ખાતે પેયબલ બનાવવામાં આવશે. | |
| 2. | RTGS દ્વારા કરવામાં આવતી EMD ચૂકવણી નીચે મુજબ રહેશેઃ એકાઉન્ટ નંબરનું નામઃ EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT; એકાઉન્ટ નંબરઃ 000405158602; બેંકનું નામઃ ICICI BANK; IFSC કોડઃ ICIC0000004 | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખઃ | હરાજીની તારીખના 1 દિવસ અગાઉ પ્રાપ્ત થવી જોઈએ |
| 4. | બોલી સબમિટ કરવાનું સ્થળઃ | પહેલો માળ, એડેલવાઈસ હાઉસ, ઓફ CST રોડ, કાલીના, મુંબઈ - 400098 |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબ સાઇટ): | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | ફોન નંબર સાથે સંપર્ક વ્યક્તિઃ | કસ્ટમર કેરઃ 1800 266 6540 |
| 7. | મિલકતની મુલાકાતની તારીખ અને સમયઃ | અગાઉની એપોઇન્ટમેન્ટ મુજબ |

વેચાણનીવિગતવારશરતોઅનેનિયમોમાટે, કૃપાકરીનેEARCનીવેબસાઇટપરઆપેલલિંકનોસંદર્ભલોએટલેકેhttps://auction.edelweissarc.in

તારીખઃ 15.10.2026 અધિકૃત અધિકારી
સ્થળઃ મુંબઈ એડેલવાઈસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

Edelweiss Asset Reconstruction